| | |
|---|---|
| રજુ તારીખ: | તા.૧૨/૦૧/૨૦૧૮ |
| દાખલ તારીખ: | તા.૧૬/૦૧/૨૦૧૮ |
| ફેંસલ તારીખ: | તા.૧૨/૦૩/૨૦૨૬ |
| અવધિ: વર્ષ: માસ: દિવસ<br>૦૮ : ૦૧ : ૨૭ | |

શ્રી રાજેન્દર સિંધ, પ્રમુખ અધિકારી, ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદ.
(કલોલ/મહેસાણા કોર્ટ સીટીંગ) સમક્ષ.

રેફરન્સ(આઈ.ટી) નં.૦૧/૨૦૧૮

આંક–૨૧

પ્રથમપક્ષકાર :- મેનેજરશ્રી/મેનેજીંગ ડીરેકટરશ્રી,
સેનેગ્રેસ ટાઈલ્સ લી., સર્વે નં.૧૧૭૮/૨,
મું.નંદાસણ, તા.કડી, જી-મહેસાણા.

અને

બિજા પક્ષકાર :-- પ્રમુખશ્રી,
જનરલ વર્કસ એન્ડ ઉત્તર ગુજરાત બીડી કામદાર યુનિયન, નવજીવન રોડ, તાલુકા પંચાયત કચેરી સામે, કલોલ-૩૮૨૭૨૧

વિષય:-- ઔધોગિક વિવાદ ધારો,૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

પ્રતિનીધીત્વ:-- પ્રથમપક્ષકાર તરફે :- વિ.વ.શ્રી ભાર્ગવ.ડી.ઠકકર
બીજાપક્ષકાર તરફે :- શરુઆતમાં પ્રતીનીધીશ્રી રાહુલ.એ.દવે ત્યારબાદ કોઈ નહી.

**–: એવોર્ડ :--**

**(૧)..** હાલનો રેફરન્સ શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય, ઉધોગ ભવન, બ્લોક ૧૧–૧૨–૧૪, બીજો માળ, સેકટર-૧૧ ગાંધીનગર તા.૧૦/૦૧/૨૦૧૮ ના હુકમ ક્રમાંક: કે. એચ. એ. એચ. એમ. સી / ૪૦૩૭૭ / ૫ / ૨ / આઈડીઆર / એજે / ૩૨૬ / ૨૦૧૭ થી આ ઔધોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ-૧૦ (૧)

અન્વયે ન્યાય નિર્ણય માટે ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે.

**(૨)..** **'' અનુસુચિ ''**

**<u>માંગણીઓનું પરીશિષ્ટ-અ</u>**

**<u>માંગણી નં.૧ પગાર વધારો આપવા અંગે:-</u>**

સંસ્થામાં ફરજ બજાવતાં કામદારોને છેલ્લા કેટલાય સમયથી આપવામાં આવતા વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો થયેલ નથી અને હાલનું વેતન ખુબ જ ઓછું છે તેથી તમામ કામદારોને હાલ મળતાં પગારમાં પ્રતિમાસ રૂા.૪૫૦૦/– નો વધારો કરી આપવો જોઈએ કે કેમ?

**<u>માંગણી નં.૨ હકક રજા સી.એલ.અને જાહેર તહેવારની રજા આપવા તથા વણવપરાયેલી રજાનું રોકડમાં રુપાંતર કરી ચુકવણું કરવા બાબત:-</u>**

સંસ્થા ફરજ બજવતા કામદારોને દર ૨૦ દિવસની હારજ દીઠ-૧ હકક રજા મળવાપાત્ર છે. અને સદર રજાઓ ભરપગારી આપવાની જોગવાઈ છે. છતાં આપ કામદારોને રજા ભોગવવા દેતા નથી. અને રોકડમાં રુપાંતર કરી ચુકવણી પણ કરતા નથી તેથી કામદાર દીઠ વાર્ષિક ૩૬ દિવસનો પગાર પગાર ચુકવવાનો થાય અને અગાઉ ૩ વર્ષની ગણતરીને ધ્યાનમાં લેતા ૧૦૮ દિવસનો પગાર ચુકવવાનો થાય છે. જેની રોકડમાં ચુકવી કરી આપવી કે કેમ? અને આગામી વર્ષમાં ઉંમર પ્રમાણેની રજાઓ ભરપગારે આપવી જોઈએ કે કેમ?

**<u>માંગણી નં.૩ ધરભાડું ચુકવવા અંગે:--</u>**

સંસ્થામાં ફરજ બજાવતાં કામદારોને ધરભાડું ચુકવવામાં આવે છે પરંતુ છેલ્લા ૩ વર્ષમાં મોંધવારીનો વ્યાપ વધતા ધર ભાડાના દરમાં ખુબજ વધારો થયેલો છે. તેથી દરેક કામદારોને હાલ મળતા ધરભાડામાં રૂા.૧૫૦૦/– નો વધારો કરી ચુકવી આપવું જોઈએ કે કેમ?

**<u>માંગણી નં.૪ કન્વેચન્સ એલાઉન્સ ચુકવવા બાબત:-</u>**

હાલમાં કામદારોને પ્રતીમાસ ૭૦૦ થી ૮૦૦ જેટલું કન્વયન્સ એલાઉન્સ મળે છે. પરંતું છેલ્લા ત્રણ વર્ષમાં મોંધવારી વધતાં સદર એલાઉન્સ ખુબ જ નજીવું હોઈ હાલ મળતાં સદર એલાઉન્સમાં પ્રતીમાસ રૂા.૧૦૦૦/– નો વધારો ચુકવી આપવો જોઈએ કે કેમ?

**<u>માંગણી નં.૫ મેડીકલ એલાઉન્સ આપવા અંગે:-</u>**

સંસ્થામાં કામ કરતાં કામદારોને ઇ.એસ.આઇ.સી હેઠળ રક્ષણ મળતું નથી તેથી બીમારી કે અકસ્માતનાં પ્રસંગોમાં કામદારો કામનાં કલાક અને પગાર બન્ને ગુમાવે છે તે સંજોગોમાં કામદારોને હાલમાં ચુકવવામાં આવતુ ને હાલ મળતા મેડીકલ એલાઉન્સમાં રૂા.૧૫૦૦/– નો વધારો ચુકવી આપવો જોઇએ કે કેમ?

**<u>માંગણી નં.૬ માંદગીની રજા આપવા બાબત:--</u>**

સંસ્થામાં કામ કરતાં કામદારોને ઇ.એસ.આઇ.સી.ની ફેસીલીટી મળતી નથી તેથી બીમારીના પ્રસંગો કે અકસ્માતના પ્રસંગે તેઓ કામના કલાક ગુમાવે છે અને આર્થિક નુકશાન પડે છે તેથી કામદારૌ વાર્ષિક ૩૦ દિવસની ભર પગારી માંદગીની રજા આપવી જોઇએ કે કેમ?

**<u>માંગણી નં.૭ સેફટીશુઝ તથા વાર્ષિક બે જોડી કપડા આપવા બાબત:-</u>**

આપ હાલના કામદારોને સેફટી શુઝ આપો છો જે હલકી ગુણવત્તાવાળા હોઇ ૬ માસમા જ નકામાં થઇ જાય છે તેથી દરેક કામદારોને વાર્ષિક ૨ જોડી બુટ આપવા તથા બે જોડી કપડા/ડ્રેસ આપવા જોઇએ કે કેમ?

**<u>માંગણી નં.૮ વોશિંગ એલાઉન્સ આપવા બાબત:-</u>**

કામદારોને હાલમાં વોશિંગ એલાઉન્સ મળતું નથી તેથી દરેક કામદારને માસિક રૂા.૩૦૦/– ધુલાઇ ભથ્થું આપવુ જોઇએ કેમ?

**<u>માંગણી નં.૯ પ્રવાસ ભથ્થું આપવા બાબત:-</u>**

કામદારોને તેમના કુટુંબીજનો સાથે વર્ષમાં એકાદ પ્રવાસનું આયોજન કરી શકે તેથી દરેક કામદારને રૂા.૨૫૦૦/– પ્રવાસ ભથ્થુ આપવુ જોઇએ કે કેમ?

**(3)..** સદર કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને કામદારો તરીકે સંબોધવામાં આવશે.

**(૪)..** સદર કામે બીજાપક્ષકાર કામદારો તરફે આંક-૬ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે અને અનુસુચીમાં જણાવેલ માંગણીનું પુનરાવર્તન કરી એવોર્ડ પસાર કરવા અરજી કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તમામ અસરકર્તા કામદારો ટર્મ ઓફ રેફરન્સમાં દર્શાવેલી માંગણીઓ–લાભો મેળવવા હકકદાર છે તેવુ ઠરાવી આપવા તથા રેફરન્સના અસરકર્તા તમામ કામદારો તેમની માંગણી મુજબના હકકો–લાભો માંગણી મુકયા તારીખથી મેળવવા હકકદાર છે તથા કામદારો એરીયર્સ સહીત તથા વ્યાજ સહીત લાભો મેળવવા

હકકદાર છે તેવુ ઠરાવી આપવા તથા રેફરન્સ ખર્ચ સહીત મંજુર કરવા અરજ કરેલ છે.

**(૫)..** આ કામે પ્રથમપક્ષકાર સંસ્થા તરફે કોઈ લેખીત જવાબ રજુ થયેલ નથી.

**(૬)..** આમ જયારે બીજાપક્ષકાર કામદારો સંસ્થાની સામે જે પ્રકારનો વિવાદ ઉપસ્થીત કરેલ હોય તો તે અંગેનાં ઉપલબ્ધ પુરાવાઓ રજુ કરવા જોઈએ. સદર કામે બીજાપક્ષકાર તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને સદર રેફરન્સની તકરારની હકીકતો વંચાણે લેતા જે પ્રકારે પગાર વધારો તથા અન્ય લાભો મેળવવા માટે જે દાદ માંગવામાં આવેલી છે તેના અનુસંધાને તે જ એરીયા કે આજુબાજુ આવેલ કોઈ સંસ્થામાં કેટલો પગાર અને અન્ય લાભો આપવામાં આવે છે તે સંદર્ભે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં બીજાપક્ષકાર તરફે આંક-૧૫ થી એક કામદાર ધ્વારા સોગંદનામું આપવામાં આવેલ છે પરંતુ તેમાં પણ તેઓ અનુસુચીમાં જણાવેલ માંગણીઓનું જ ઉલ્લેખ કરેલ છે. વધુમાં સદર કામદાર ઉલટતપાસ માટે પણ હાજર રહેલ નથી. જેથી ફકત આ સોગંદનામા ઉપર આધાર રાખી બીજાપક્ષકારની માંગણીઓ મંજુર કરી શકાય નહી.

**(૭)..** સદર કામે બીજાપક્ષકાર તરફે યુનિયન પ્રતીનીધી કે કોઈ કામદાર હાજર રહેતા નથી અને આંક-૧૬ થી બીજી નવી યુનિયન નામે ગુજરાત મજદુર સભા સદર રેફરન્સમાં પક્ષકાર તરીકે જોડાવવા માટેની અરજી કરેલ. પરંતુ તેઓ પણ અરજી કર્યા બાદ સદર રેફરન્સના કામે હાજર રહેલ નથી. વધુમાં અદાલતે બીજાપક્ષકાર કામદારોને પુરતી તક આપવા છતાં હાજર રહી બીજો કોઈ મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે તે હકીકત મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી. તેમ છતાં આ કામે કામદાર ભલે પોતાના પુરાવા આપવા હાજર થયેલ ન હોય પરંતુ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં અદાલતે ગુણદોષનાં આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં જી.એલ.આર. ૨૦૦૪ (૨) પાના નં.૧૪૭૫ મોહિતોષદાસમાં ઠરાવવામાં આવેલ છે કે, કામદાર પુરાવો આપે કે ન આપે, પરંતુ નામદાર અદાલત સમક્ષ જે કાંઈ દાવા અરજી, દાવા અરજીનો જવાબ અને રજુ થયેલા દસ્તાવેજ હોય તેના ઉપરથી નામદાર અદાલતે મેરીટ ઉપર જજમેન્ટ આપવા જોઈએ. પરંતુ કોઈપણ સિવિલ પ્રકારનાં કેસમાં પ્રત્યેક

પક્ષકારોને પોતાના કેસની હકીકતો સોગંદ ઉપર તેમજ દસ્તાવેજોથી બંને રીતે પુરવાર કરવી જોઈએ. હાલનાં કામે કામદારો પોતાના કેસની કોઈ હકીકત સોગંદ ઉપર પુરવાર કરી શકેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો આપેલ નથી તેમજ સદર કામે જે રેફરન્સ અન્વયે રેકર્ડ રજુ છે તેમાં એવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી કે બીજાપક્ષકારોની તરફેણમાં કોઈ હુકમ પસાર કરી શકાય. વધુમાં સિવિલ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પ્રત્યેક પક્ષકારે પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ. હાલનાં કામે જોવામાં આવે તો બીજાપક્ષકાર તરફે માંગણીઓ મંજુર થાય તેવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી. જેથી બીજાપક્ષકાર કામદારોનો રેફરન્સ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) બીજાપક્ષકાર કામદારોનો રેફરન્સ (આઈ.ટી.) નં.૦૧/૨૦૧૮ આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

(૨) ઔધોગિક વિવાદ ધારા અન્વયે એવોર્ડ પ્રસિધ્ધી અર્થે મોકલવો.

(૩) રેફરન્સનાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) બીજાપક્ષકાર કામદારોનો રેફરન્સ નામંજુર કરેલ હોવાથી સદર કામે આંક-૯ થી રજુ વચગાળાની અરજી તળે કરેલ હુકમ આથી સેટએસાઇટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં સદર રેફરન્સનો એવોર્ડ કામદાર/બીજાપક્ષકારની ગેરહાજરીના લીધે એકતરફી પસાર કરેલ હોવાથી સંબંધીત પક્ષકાર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્લટ રુલ્સ ૧૯૬૬ ના રુલ ૨૬-એ મુજબ પુન:સ્થાપનની અરજી કાયદાકીય સમય મર્યાદામાં કરી શકશે અને તે અરજીનો નિર્ણય ખર્ચને આધીન રહેશે.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 12/03/2026 16:36:03 IST.

તા. ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ:- કલોલ.

(રાજેન્દર સિંધ)
કોડ નંબર જીજે-૦૧૦૮૫
પ્રમુખ અધિકારી,
ઔધોગિક ન્યાયપંચ,અમદાવાદ,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)